# વરિયાવમાં ખાડી પુલનું ધોવાણ

**જીવલેણ** અકસ્માતની ભીતિ વચ્ચે સ્થાનિકો દ્વારા ખાડી પુલ કાયમી બંધ કરવાની માંગ

**ભયજનક** પુલ પર બેરિકેટ હટાવી વાહન ચાલકોની અવરજવર



સુરતઃ શહેરના રાંદેર ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વરિયાવ-છાપરાભાઠા વિસ્તારમાં ખાડી પર આવેલા કલવર્ટનું ગત 7મી જુલાઈનાં રોજ ભારે વરસાદમાં ધોવાણ થઈ ગયું હતું. જોખમી બનેલા આ કલવર્ટ પર વાહન વ્યવહાર જોખમી હોવાને કારણે વહીવટી તંત્ર દ્વારા તાકીદના ધોરણે બેરિકેડ મૂકી વાહન વ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો હતો. અલબત્ત, સ્થાનિકો દ્વારા મનપાનાં બેરિકેડ હટાવી જીવના જોખમે ખાડી પર બનેલા પુલ પરથી પસાર થતાં ગમખ્વાર અકસ્માતની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. રાંદેર ઝોન દ્વારા મૂકવામાં આવેલા બેરિકેડ અને સૂચનાને પણ સ્થાનિક વાહન ચાલકો દ્વારા ધરાર નજરઅંદાજ કરવામાં આવતાં સ્થાનિકો દ્વારા વધુ એક વખત પોલીસ બંદોબસ્ત મૂકવાની માંગ કરવામાં આવી રહી છે.

ગત 7મી જુલાઈએ સુરત શહેરમાં ભારે વરસાદને કારણે ઠેરઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. આ સ્થિતિ વચ્ચે વરિયાવ-છાપરાભાઠા વિસ્તારમાં ખાડી પર આવેલા કલવર્ટ બ્રિજનું ધોવાણ થઈ ગયું હતું. ઘટના અંગે જાણ થતાં જ રાંદેર ઝોન દ્વારા તાકીદના ધોરણે ખાડી બ્રિજની બંને તરફ બેરિકેડ મૂકી વાહન વ્યવહાર બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને બ્રિજ જોખમી હોવા અંગેની સૂચના પણ લગાવવામાં આવી હતી. જોકે, મેઘરાજાએ વિરામ લેતાં જ બે-ચાર દિવસમાં સ્થાનિક વાહન ચાલકો દ્વારા મનપાનાં બેરિકેડ હટાવી દેવામાં આવ્યાં હતાં. દરરોજ સવારથી માંડીને સાંજ સુધી મોટી સંખ્યામાં બાઈક-મોપેડ ચાલકો દ્વારા હજીપણ આ જર્જરિત પુલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાને કારણે ગમે ત્યારે ગમખ્વાર અકસ્માતની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ કરીને શાળા-કોલેજે જતાં વિદ્યાર્થીઓ પણ આ જર્જરિત બ્રિજનો ઉપયોગ કરી રહ્યા હોવાને કારણે ગમે ત્યારે માસૂમ વિદ્યાર્થીઓ પણ અકસ્માતનો ભોગ બને તેવી આશંકાઓ ઊઠી છે.

### ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઇ ચૂકી છે, વહેલી તકે નવો બ્રિજ મળશે

વરિયાવ-છાપરાભાઠા પાસે ખાડી પર આવેલો નાનો બ્રિજ છેલ્લા કેટલાક સમયથી જર્જરિત હતો અને આ હાલમાં આ વિસ્તારથી આઉટર રિંગ રોડ પર જવા માટે આ બ્રિજ મહત્ત્વપૂર્ણ હોવાને કારણે મહાનગર પાલિકા દ્વારા થોડા સમય પૂર્વે જ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અલબત્ત, ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે નજીકના ભવિષ્યમાં જ આ સ્થળે નવો બ્રિજ બનાવવાની કામગીરી પણ મનપા દ્વારા હાથ ધરવામાં આવશે.

### ખાડી બ્રિજ પર પોલીસ બંદોબસ્ત પણ મૂકવામાં આવ્યો હતો

સ્થાનિકો દ્વારા બેરિકેડ હટાવી જોખમી પુલ પરથી વાહન વ્યવહાર યથાવત રાખવામાં આવતાં રાંદેર ઝોન દ્વારા સ્થાનિક પોલીસ મથકને લેખિતમાં જાણ કરી પોલીસ બંદોબસ્ત મૂકવાની માંગ કરવામાં આવી હતી. જેના પગલે પોલીસ બંદોબસ્ત મૂકવામાં આવ્યો હતો અને પોલીસ બંદોબસ્ત હટવાની સાથે જ સ્થાનિકો દ્વારા બેરિકેડ હટાવી વાહન વ્યવહાર શરૂ કરી દેતાં અકસ્માતની ભીતિ સર્જાઈ છે.

## ડુંભાલના પૂરપીડિત ઉદ્યોગકારોએ મેયરની ગાડી રોકી ઘેરાવ કર્યો

**'વચન** નહીં, નિર્ણય જોઈએ'ના ગગનભેદી નારા વચ્ચે બે વર્ષના ટેક્સની સંપૂર્ણ માફીની ખાતરી આપ્યા બાદ જ મેયર માયાબેન માવાણીનો છૂટકારો થયો



### 25 દિવસથી ઉદ્યોગો ઠપ, કરોડોના નુકસાન થતાં વેપારીઓનો આક્રોશ ભભૂક્યો

ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ 7 અને 8 જુલાઈ, 2026ના વિનાશક પૂરમાં કારખાનાંમાં 8થી 10 ફૂટ પાણી ભરાઈ જતાં મોંઘી મશીનરી, કાચો અને તૈયાર માલ, ઇલેક્ટ્રિકલ સાધનો, ઓફિસના અગત્યના દસ્તાવેજો અને ફર્નિચરનો સંપૂર્ણ નાશ થયો હતો. દરેક પ્લોટધારકને અંદાજે 10થી 15 લાખ રૂપિયા કે તેથી વધુનું નુકસાન સહન કરવું પડ્યું હતું. આ ઘામાંથી બહાર આવે તે પહેલાં જ 22 અને 23 જુલાઈના વરસાદે ફરી 2થી 2.5 ફૂટ પાણી ભરાતાં નુકસાનમાં વધુ વધારો થયો હતો. વેપારીઓએ જણાવ્યું હતું કે, છેલ્લા 25 દિવસથી વધુ સમયથી મોટા ભાગના ઉદ્યોગો બંધ હોવાથી તેઓ ગંભીર આર્થિક સંકટમાં ધકેલાઈ ગયા છે. આવી સ્થિતિમાં લાખો રૂપિયાનો મિલકત વેરો ભરવો તેમના માટે અશક્ય બની ગયો છે.

સુરતઃ ચાર-પાંચ વર્ષથી વારંવાર પૂરનો માર સહન કરી રહેલા અને આ વર્ષે બે વખત જળબંબાકારની આપત્તિમાં કરોડો રૂપિયાનું નુકસાન ભોગવનારા ડુંભાલની ઉમા ઇન્ડસ્ટ્રિયલ સોસાયટીના ઉદ્યોગકારોની ધીરજ આખરે ગુરુવારે તૂટી પડી હતી. પૂરગ્રસ્ત વેપારીઓએ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી 'તાપી ભવન' ખાતે જોરદાર વિરોધ પ્રદર્શન કરી પાલિકા સામે હલ્લાબોલ મચાવ્યો હતો. પરિસ્થિતિ એટલી ઉગ્ર બની હતી કે, પૂર્વનિર્ધારિત કાર્યક્રમમાં જવા નીકળેલાં મેયર માયાબેન માવાણીની ગાડીને જ વિરોધકર્તાઓએ રસ્તામાં રોકી દીધી હતી અને બે વર્ષના ટેક્સની સંપૂર્ણ માફી અંગે સ્થળ પર જ જવાબ માંગ્યો હતો.

મેયરની ગાડી આગળ વધવા ન દેતાં આખરે માયાબેન માવાણી કારમાંથી બહાર આવ્યાં હતાં. ઉદ્યોગકારોએ તેમને ઘેરી લઈ વિસ્તારની વાસ્તવિક સ્થિતિ રૂબરૂ જોવા આવવાની માંગણી કરી હતી. વેપારીઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, હવે માત્ર આશ્વાસનોથી કામ નહીં ચાલે, પરંતુ જાહેરમાં અપાયેલાં વચનોનો અમલ જોઈએ. મેયરે રજૂઆતો ઉચ્ચ કક્ષાએ પહોંચાડવાની ખાતરી આપ્યા બાદ જ વિરોધકર્તાઓએ તેમને જવા માટે રસ્તો આપ્યો હતો. પૂરગ્રસ્ત ઉદ્યોગકારોએ મ્યુનિસિપલ કમિશનર, મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને પાઠવેલા આવેદનપત્રમાં વર્ષ 2026-27 અને 2027-28 માટે મિલકત વેરાની સંપૂર્ણ માફીની માંગણી કરી છે. તેમનું કહેવું છે કે, છેલ્લાં ચારથી પાંચ વર્ષથી ડુંભાલ વિસ્તારના ઉદ્યોગો દર વર્ષે પૂરનો ભોગ બની રહ્યા છે, પરંતુ કાયમી ઉકેલ લાવવામાં પાલિકા સંપૂર્ણ નિષ્ફળ રહી છે.

### નાણામંત્રી, સાંસદ, ધારાસભ્યએ જાહેરમાં વચન આપ્યું હતું: ભાવિક પટેલ



આવેદનપત્રમાં ઉદ્યોગકારોએ શાસક પક્ષના નેતાઓને તેમના જ જાહેર વચનો યાદ અપાવ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, અગાઉ પૂર બાદ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ, નાણામંત્રી કનુભાઈ દેસાઈ, શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન રાજન પટેલ, ધારાસભ્ય સંગીતાબેન પાટીલ સહિતના આગેવાનોએ સ્થળ મુલાકાત દરમિયાન વર્ષ 2026-27 અને 2027-28ના ટેક્સમાં સંપૂર્ણ માફી આપવાનું જાહેર વચન આપ્યું હતું. હવે તે વચનનું પાલન કરવાની ઘડી આવી ગઈ છે.

## ચાલકને પાણી લેવા મોકલી રિક્ષા ચોરી જનાર ઝડપાયો

સુરતઃ ગોડાદરાના હરિદર્શન સોસાયટીમાં રહેતા અને રિક્ષા ચાલકની રિક્ષામાં સચિન GIDC નાકા પાસેથી એક અજાણ્યો મુસાફર તેમની રિક્ષામાં બેઠો હતો. તેણે ઉધના ભીમનગર ગરનાળા અને ઉધના દરવાજા જેવા વિસ્તારોમાં ચક્કર માર્યા હતા અને રસ્તામાં રૂ. ૫૦૦ ભાડું પણ ચૂકવી દીધું હતું, જેથી રિક્ષા ચાલકને તેના પર પૂર્ણ વિશ્વાસ બેસી ગયો હતો. ત્યારબાદ ભાઠેના ચાર રસ્તા પાસે તેણે તેમને પાણીની બોટલ લેવા મોકલ્યા હતા અને તેઓ જેવા નીચે ઉતર્યા કે તુરંત જ પેસેન્જરે ડ્રાઈવિંગ સીટ પર બેસી રિક્ષા ચોરી ગયો હતો. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે બાતમી અને સર્વેલન્સના આધારે રિક્ષા ચોરી કરનાર આરોપી શાહબાઝ એજાજખાન પઠાણ (ઉ.વ. ૨૫, રહે. બિલ્ડિંગ નં. B-57, રૂમ નં. 8, ભેસ્તાન આવાસ, સુરત)ની ધરપકડ કરી છે. પોલીસે આરોપી પાસેથી ચોરાયેલી રૂ. ૧ લાખની કિંમતની ઓટો રિક્ષા કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સુરત શહેરમાં અશાંતધારાની મુદતમાં વધુ પાંચ વર્ષનો વધારો

**સરકારના** નિર્ણયથી 31 જુલાઈ, 2026થી 30 જુલાઈ, 2031 સુધી અશાંતધારો અમલમાં રહેશે, રજૂઆતોને ધ્યાને લઈ નિર્ણય લેવાયો

સુરતઃ સુરત શહેરમાં અમલમાં રહેલી અશાંતધારાની મુદત 30 જુલાઈ, 2026ના રોજ પૂર્ણ થતી હતી. આ સંદર્ભે રાજ્ય સરકાર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતો અને વહીવટી તંત્ર દ્વારા રજૂ કરાયેલા અભિપ્રાયને ધ્યાને લઈ રાજ્ય સરકારે સુરત શહેરમાં અશાંતધારાની મુદતમાં વધુ પાંચ વર્ષનો વધારો કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

સરકારના આ નિર્ણય અનુસાર સુરત શહેરમાં અશાંતધારો હવે 31 જુલાઈ, 2026થી અમલમાં આવી 30 જુલાઈ, 2031 સુધી યથાવત્ અમલમાં રહેશે. આથી આગામી પાંચ વર્ષ સુધી શહેરમાં મિલકતોના હસ્તાંતરણ સંબંધિત પ્રક્રિયાઓ અશાંતધારાની જોગવાઈઓ અનુસાર હાથ ધરવામાં આવશે. અશાંતધારાનો મુખ્ય હેતુ સામાજિક અને સાંપ્રદાયિક રીતે સંવેદનશીલ વિસ્તારોમાં મિલકતોની ખરીદી-વેચાણમાં પારદર્શિતા જળવાઈ રહે, કોઈપણ પ્રકારનું દબાણ, લાલચ અથવા ગેરરીતિ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવાનો છે. આ કાયદા હેઠળ જાહેર કરાયેલા વિસ્તારોમાં મિલકતના વેચાણ, ખરીદી, દાન કે અન્ય પ્રકારના હસ્તાંતરણ માટે જિલ્લા કલેક્ટરની પૂર્વ મંજૂરી ફરજિયાત હોય છે.

સરકારના આ નિર્ણયથી સુરત શહેરમાં અગાઉથી અમલમાં રહેલી વ્યવસ્થા યથાવત્ ચાલુ રહેશે અને અશાંતધારા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારોમાં મિલકતના વ્યવહારો માટે સંબંધિત કાયદાકીય જોગવાઈઓનું પાલન કરવું ફરજિયાત રહેશે.

## ફ્લાઈટ ઘટતાં સુરતમાં જૂનમાં ડોમેસ્ટિક મુસાફરો ઓછા થયા

**કાર્ગો** હેન્ડલિંગ 723 મેટ્રિક ટન પહોંચ્યું

સુરતઃ ગુજરાતના આર્થિક પાટનગર અને દેશના અગ્રણી ડાયમંડ તથા ટેક્સટાઈલ હબ તરીકે ઓળખાતા સુરતને હજુ પણ પૂરતી એર કનેક્ટિવિટી મળી રહી નથી. છેલ્લા કેટલાક મહિનાથી વિવિધ રૂટ પર ફ્લાઈટ્સની સંખ્યા સતત ઘટી રહી હોવાથી જૂન-2026 દરમિયાન સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ડોમેસ્ટિક પેસેન્જર ટ્રાફિકમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. બીજી તરફ મધ્ય પૂર્વમાં સર્જાયેલા યુદ્ધ સંઘર્ષ બાદ એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા સુરત-દુબઈ રૂટ પર અઠવાડિયામાં ચાર દિવસ ફ્લાઈટ સેવા ફરી શરૂ થતાં આંતરરાષ્ટ્રીય મુસાફરોની સંખ્યામાં સુધારો જોવા મળ્યો છે.

જૂન-2026 દરમિયાન સુરત એરપોર્ટ પરથી કુલ 1,34,413 મુસાફરની અવરજવર નોંધાઈ હતી. તેમાં ડોમેસ્ટિક પેસેન્જર 1,31,416, જ્યારે ઈન્ટરનેશનલ પેસેન્જર 2,997 રહ્યા હતા. છેલ્લા કેટલાક મહિનામાં દિલ્હી સહિતના મહત્ત્વના રૂટ પર ફ્લાઈટ્સની સંખ્યા ઘટી જતાં ડોમેસ્ટિક ટ્રાફિક પર સીધી અસર જોવા મળી છે.

મુસાફરોની સંખ્યામાં ઘટાડા વચ્ચે સુરત એરપોર્ટ માટે એક સકારાત્મક પાસું કાર્ગો હેન્ડલિંગ રહ્યું છે. જૂન-2026 દરમિયાન એરપોર્ટ પરથી 723 મેટ્રિક ટન કાર્ગોની હેરફેર નોંધાઈ હતી.

ઉદ્યોગજગત અને વેપારી સંસ્થાઓ લાંબા સમયથી સુરતને દેશનાં અન્ય મોટાં શહેરો તેમજ આંતરરાષ્ટ્રીય ગંતવ્યો સાથે વધુ સીધી ફ્લાઈટ્સ ઉપલબ્ધ કરાવવા માંગ કરી રહી છે.

### ફ્લાઇટ સંખ્યા ઘટવા છતાં સુરત-દિલ્હી પેસેન્જર હેરફેર માટે હજી નંબર વન પસંદગી

| શહેર | પેસેન્જર્સની અવરજવર |
|---|---|
| દિલ્હી | 57,846 |
| બેંગલુરુ | 23,959 |
| ગોવા | 12,060 |
| કોલકાતા | 9,032 |
| જયપુર | 8,559 |
| હૈદરાબાદ | 8,349 |
| પુણે | 5,117 |
| ચેન્નાઇ | 3,899 |
| દીવ | 2,690 |
| જામનગર | 1,942 |
| ભુજ | 349 |
| મુન્દ્રા | 318 |
| નવી મુંબઇ | 074 |
| અમદાવાદ | 001 |
| મુંબઈ | 001 |

## ચેમ્બરની રજૂઆતના પગલે કલેક્ટર કચેરીમાં બેંકર્સ સાથે બેઠક યોજાઈ

**પૂર** અસરગ્રસ્ત વેપારીઓને રૂ.30 લાખ સુધીની લોન પર 3 વર્ષ માટે 7 ટકા વ્યાજ સબસિડી

**નુકસાનીના** ફોટો, વિડીયો ન હોય તો ચેમ્બર કે જે-તે એસોસિયેશનનું સર્ટિફિકેટ માન્ય પુરાવો આપશે

સુરતઃ સુરત શહેર જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના પૂર અસરગ્રસ્ત વેપારીઓને આર્થિક સહાય પૂરી પાડવા માટે જાહેર કરાયેલી 'સુરત ફ્લડ રિલીફ સ્કીમ' અંતર્ગત લોન અને વ્યાજ સબસિડીની પ્રક્રિયા ઝડપી અને સરળ બનાવવાના હેતુથી કલેક્ટર કચેરી ખાતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર (DIC)ના જનરલ મેનેજરની અધ્યક્ષતામાં ગુરુવારે એક મહત્ત્વપૂર્ણ ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવેલી ત્વરિત રજૂઆતના પગલે આયોજિત આ બેઠકમાં દક્ષિણ ગુજરાતની તમામ બેંકોના હેડ, અગ્રણી બેંકર્સ, કલેક્ટર કચેરીના અધિકારીઓ તેમજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અશોક જીરાવાળા અને પૂર્વ પ્રમુખ આશિષ ગુજરાતી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા અમદાવાદ સ્થિત બેંકોની રિજિયોનલ ઓફિસોને આ અંગે તાકીદે પરિપત્ર જારી કરવામાં આવશે. જેથી સુરતની તમામ બેંક શાખાઓ સુધી ગાઇડલાઇન સત્વરે પહોંચે અને વેપારીઓને રાહત લોનનો લાભ ઝડપથી મળી શકે.



### બેઠકમાં લેવાયેલા નિર્ણય

**1. અરજી પ્રક્રિયા અને સેન્ક્શન લેટરઃ** સ્કીમ હેઠળ લાભ મેળવવા ઇચ્છુક વેપારીએ જે-તે બેંકમાં લોન માટે અરજી કરી 'સેન્ક્શન લેટર' (મંજૂરીપત્ર) મેળવવાનો રહેશે. આ સેન્ક્શન લેટર DICની કચેરી ખાતે જમા કરાવ્યા બાદ તેના આધારે લોન મંજૂર કરવામાં આવશે. લોન/સબસિડી માટે આખરી સત્તા ડીઆઈસીની રહેશે. **2. લોનની રકમ, મુદત અને 7% વ્યાજ સબસિડીઃ** સરકારી ઠરાવ (જીઆર) મુજબ પૂર અસરગ્રસ્ત વેપારીઓને રૂ.30 લાખ સુધીની લોન પર વર્ષે 7 ટકા વ્યાજ સબસિડી 3 વર્ષ માટે મળવાપાત્ર રહેશે. જો કોઈ વેપારીને રૂ.30 લાખથી વધુ રકમની લોન સેન્ક્શન થાય કે લોનની મુદત 3 વર્ષથી વધુ હોય, તો પણ વ્યાજ સબસિડીની રકમ રૂ.30 લાખની મર્યાદામાં વાર્ષિક 7 ટકા લેખે મહત્તમ 3 વર્ષ સુધી જ મર્યાદિત રહેશે. **3. નુકસાનીના પુરાવા અંગે મોટી છૂટછાટઃ** જો કોઈ વેપારી પાસે પૂરના કારણે થયેલા નુકસાનના ફોટોગ્રાફ્સ કે વિડીયોગ્રાફીના પુરાવા ઉપલબ્ધ ન હોય, તો તેવા કિસ્સામાં ચેમ્બર ઓફ કોમર્સ (SGCCI) અથવા જે-તે સર્વિસ સોસાયટી/કો-ઓપરેટિવ સોસાયટી/વેપારી એસોસિયેશનનું સર્ટિફિકેટ વેલિડ પ્રૂફ તરીકે માન્ય રાખવામાં આવે એવી વિનંતી કરાઇ હતી. **4. કોલેટરલ સિક્યોરિટી અને અન્ય જોગવાઈઓઃ** લોન મંજૂર કરતી વખતે જો કોલેટરલ કે મોર્ગેજ મૂલ્યમાં આંશિક ઘટાડો જણાતો હોય, તો પણ વેપારીઓની લોન અરજીઓ પ્રત્યે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી લોન મંજૂર કરવા બેંકોને સૂચન થયું છે. વધુમાં, આ સ્કીમને વેપારીના ઇન્સ્યોરન્સ ક્લેઇમ સાથે લિંક કરવામાં આવશે નહીં. **5. જરૂરી દસ્તાવેજોઃ** લોન અરજી સાથે વેપારીઓએ એપ્રિલ, મે, જૂન મહિનાના GSTR-3Bની નકલ રજૂ કરવાની રહેશે.

## મિલેનિયમ માર્કેટ સામેથી સાડી ચોરનાર બે રિક્ષાચાલક ઝબ્બે

સુરતઃ રિંગ રોડ પર આવેલી મિલેનિયમ-૧ ટેક્સટાઈલ માર્કેટ સામે ટેમ્પોમાંથી સાડીઓનું પાર્સલ ચોરી ભાગી છૂટેલા બે રિક્ષાચાલકને સલાબતપુરા પોલીસે ઝડપી પાડ્યા છે.

ગત તા. ૨૯ જુલાઈના રોજ બપોરે મિલેનિયમ માર્કેટ સામે ટેમ્પોનો પાછળનો દરવાજો અડધો ખુલ્લો રાખી ડ્રાઈવર લઘુશંકા માટે ગયો હતો, ત્યારે બે અજાણ્યા શખ્સ રૂ.૬૯,૪૪૪ના ૬ સાડીના તાકા ભરેલું પાર્સલ ઓટોરિક્ષામાં મૂકી ફરાર થઈ ગયા હતા.

આ ગુનામાં પોલીસે સઈદ ઉર્ફે શહીદ ઉર્ફે સૈદુ સલીમભાઈ ઉર્ફે હલીમભાઈ શેખ (ઉ.વ.૨૭, રહે., ૬૫૪, ગાંધીનગર ઝુપડપટ્ટી, સલાબતપુરા, મૂળ અંજટા, જિ.જલગાંવ, મહારાષ્ટ્ર) તથા તોસીફ ઉર્ફે એડા જાવીદ શેખ (ઉ.વ.૨૪, રહે., ૯૭, નહેરૂનગર ઝુપડપટ્ટી, સલાબતપુરા, મૂળ જામનેર, મહારાષ્ટ્ર)ને ચોરીના મુદ્દામાલ તથા ઓટોરિક્ષા સાથે પકડી પાડ્યા હતા.

## વડોદમાં રૂ.65 લાખનો પ્લોટ પચાવી પાડનાર બે પકડાયા

**અગાઉ** ગુનાહિત ઇતિહાસ ધરાવતા રીઢા જમીન દલાલ સહિત બેની ધરપકડ, અન્ય ૫ સાગરીતની શોધખોળ

સુરતઃ પાંડેસરા પોલીસ સ્ટેશનની ટીમે બનાવટી દસ્તાવેજો ઊભા કરી 65 લાખ રૂપિયાની માતબર રકમ હડપ કરી જવાના પ્રકરણમાં મંગલાપ્રસાદ શિરોમણી યાદવ (ઉ.વ. 39, ધંધો- જમીન દલાલી, રહે., સાંઇધામ સોસાયટી, ગોડાદરા, સુરત, મૂળ જોનપુર, ઉત્તર પ્રદેશ), શિવમ ઉર્ફે રીંકુ સ્વતંત્રપ્રતાપ સિંહ (ઉ.વ.41, રહે., અપેક્ષાનગર, પત્રકાર કોલોની પાસે, પાંડેસરા, મૂળ પ્રતાપગઢ, ઉત્તર પ્રદેશ)ની ધરપકડ કરી છે. વર્ષ 2021 દરમિયાનવડોદ ગામમાં આવેલા 'એશિયાડ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ'માં બોગસ દસ્તાવેજના આધારે સંજીવ ઉર્ફે ચંચલ સુરેન્દ્ર બહાદુરસિંહ રાજપૂતને પ્લોટ વેચી 65 લાખ મેળવીને સંયુક્ત રજિસ્ટર્ડ દસ્તાવેજ કરી આપ્યો હતો. જોકે જ્યારે કબજો આપવાનો હતો ત્યારે તેમણે બહાનાબાજી શરૂ કરતાં સંજીવ રાજપુતને શંકા જતાં ઠગાઇ થઇ હોવાનો જાણવા મળ્યું હતું. તેમની ફરિયાદના આધારે પાંડેસરા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

### ઝડપાયેલા આરોપીઓનો ચોંકાવનારો ભૂતકાળ

પકડાયેલો આરોપી મંગલાપ્રસાદ યાદવ રીઢો ગુનેગાર છે. તેની સામે શહેરના પૂણા, ગોડાદરા, લીંબાયત, પલસાણા અને ડિંડોલી પોલીસ મથકોમાં જમીન પચાવી પાડવી, ઘરફોડ ચોરી, અપહરણ, લૂંટ અને ગુનાહિત કાવતરા જેવા ૬ ગંભીર ગુનાઓ અગાઉ નોંધાઇ ચૂક્યા છે.૬૫ લાખની છેતરપિંડીના આ ષડયંત્રમાં સામેલ અને હાલ ફરાર એવા અન્ય ૫ સહ-આરોપીઓને ઝડપી પાડવા માટે પાંડેસરા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### મોટા વરાછા ખાતે અમરેલીના ધારીની દીકરીઓનો સંગમ મહોત્સવ યોજાયો



સુરત : અમરેલી જિલ્લાના પ્રેમપરા (ધારી) ગામની દીકરીઓનું પ્રથમ 'યાદોના આંગણે સખી સંગમ મહોત્સવ' મોટા વરાછા ખાતે વાતાવરણમાં યોજાયો હતો. બાળપણની શાળા, ગામના રસ્તાઓ, રમતો અને તહેવારોની યાદો તાજી થતાં સમગ્ર કાર્યક્રમ લાગણીસભર બની ગયો હતો. ગુજરાતના વિવિધ શહેરો ઉપરાંત મહારાષ્ટ્રમાંથી પણ બહેનોએ ઉપસ્થિતિ નોંધાવી હતી. કાર્યક્રમ દરમિયાન બાળપણની પરંપરાગત રમતો, રાસ-ગરબા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાતા સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમારોહમાં વિવિધ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું, જ્યારે મહિલાઓના યોગદાનને બિરદાવવા 'નારી શક્તિ સન્માન' પણ અપાયું હતું.

### કોસંબાના દત્તાત્રય આશ્રમમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો



સુરતઃ કોસંબાના દત્તાત્રેય આશ્રમમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો હતો. રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય ભાવિનભાઈ પંડ્યા અને આચાર્ય મનનભાઈ પંડ્યાએ ગુરુના મહિમા, સનાતન ધર્મનાં મૂલ્યો, વેદ અધ્યયન, સમયના સદુપયોગ અને વ્યસન મુક્ત જીવન અંગે માર્ગદર્શન આપ્યું હતું. પર્યાવરણ સંરક્ષણ માટે વૃક્ષારોપણનો સંકલ્પ પણ કરાવવામાં આવ્યો હતો. મહોત્સવ દરમિયાન ગુરુપૂજન, પાદુકા પૂજન, વૈદિક મંત્રોચ્ચાર, મંત્ર દીક્ષા, ભજન-કીર્તન, મહાઆરતી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હજારો ભક્તોએ શ્રદ્ધાપૂર્વક ભાગ લઈ ગુરુ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

### પાર્વતીબેન દેસાઈ વિદ્યાકુંજ શાળામાં રથયાત્રા કાઢવામાં આવી




સુરતઃ વનિતા વિશ્રામ સંચાલિત શ્રીમતી પાર્વતીબેન દેસાઈ વિદ્યાકુંજ શાળા, પૂર્વ પ્રાથમિક વિભાગ , અંગ્રેજી માધ્યમ શાળામાં વિદ્યાર્થિનીઓ દ્વારા જગન્નાથ ભગવાન, ભાઈ બલભદ્ર, બહેન સુભદ્રાનો વેશ ધારણ કરી રથયાત્રા કાઢવામાં આવી હતી. આચાર્યા જ્યોતિકા રામનાની દ્વારા 'જય જગન્નાથ' સહિતના વિવિધ નારા દ્વારા વાતાવરણને ભક્તિમય બનાવવામાં આવ્યું હતું. ચેરમેન ક્રિપ્લાની, વાઈસ ચેરમેન પ્રવિણ વોરા, સેક્રેટરી મનહર દેસાઈ દ્વારા આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

### આચાર્ય મહાશ્રમણજીએ મુખ્યમુનિ મહાવીરકુમારજીને યુવાચાર્ય જાહેર કર્યા

સુરતઃ રાજસ્થાનના લાડનૂ સ્થિત જૈન વિશ્વ ભારતીમાં યોજાયેલા ભિક્ષુ જન્મ ત્રિશતાબ્દી વર્ષના સમાપન સમારોહમાં જૈન શ્વેતાંબર તેરાપંથ ધર્મસંઘના ૧૧મા અનુશાસ્તા આચાર્ય મહાશ્રમણજીએ મુખ્યમુનિ મહાવીરકુમારજીને પોતાના ઉત્તરાધિકારી તરીકે જાહેર કરી યુવાચાર્ય પદે પ્રતિષ્ઠિત કર્યા હતા. આચાર્ય મહાશ્રમણજીએ નિયુક્તિ પત્રનું વાચન કરીને મુખ્યમુનિ મહાવીરકુમારજીને આધ્યાત્મિક નિષ્ઠા, શિસ્ત, નમ્રતા અને કાર્યકુશળતા સાથે ભિક્ષુ શાસનની ગરિમા વધારવા આશીર્વાદ આપ્યા હતા. નવનિયુક્ત યુવાચાર્ય મહાવીરકુમારજીએ આચાર્ય મહાશ્રમણજી તથા પૂર્વાચાર્યો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં કહ્યું કે ગુરુઓના માર્ગદર્શનથી જ જીવનને નવી દિશા મળી છે. આચાર્યએ ૩૦ અને ૩૧ જુલાઈએ યુવાચાર્ય વર્ધાપના સમારોહ યોજવાની પણ જાહેરાત કરી. કાર્યક્રમમાં દિલ્હી સરકારના મંત્રી કપિલ મિશ્રાએ પણ ઉપસ્થિત રહી આચાર્ય મહાશ્રમણજીના દર્શન કર્યા અને તેરાપંથની શિસ્ત, અહિંસા તથા સદાચારની પરંપરાની પ્રશંસા કરી હતી.

### ભારે વરસાદના કારણે મોકૂફ રખાયેલી મનપાની ભરતીની પરીક્ષા 16 અને 22મી ઓગસ્ટે લેવાશે

સુરતઃ ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિને કારણે મોકૂફ રાખવામાં આવેલી સુરત મહાનગરપાલિકાની વિવિધ ભરતીની લેખિત પરીક્ષાઓ માટે નવી તારીખો જાહેર કરવામાં આવી છે. મનપા દ્વારા અગાઉ જાહેર કરાયેલી ભરતી પ્રક્રિયા અંતર્ગત લેબોરેટરી ટેક્નિશિયન અને ત્રીજી શ્રેણીની કેટલીક જગ્યાઓ માટે યોજાનારી લેખિત પરીક્ષા ભારે વરસાદને કારણે સ્થગિત કરવામાં આવી હતી. હવે આ પરીક્ષા 22 ઓગસ્ટ, 2026ના રોજ લેવામાં આવશે. ઉપરાંત ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેક્ટ હેઠળ ફાર્માસિસ્ટની જગ્યાની પરીક્ષા પણ ટેકનિકલ કારણોસર રદ કરાઈ હતી, જે હવે 16 ઓગસ્ટ, 2026ના રોજ લેવાશે. પરીક્ષાનું સ્થળ, સમય અને અન્ય વિગતો ઉમેદવારોને ઓનલાઈન કોલ લેટર દ્વારા મોકલવામાં આવશે. મનપાએ તમામ ઉમેદવારોને ભરતી સંબંધિત નવીન માહિતી માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટના **Recruitment Dashboard** પર નિયમિત નજર રાખવા અપીલ કરી છે.

### સુરત પૂરગ્રસ્તોના વીમા દાવાઓના ઝડપી નિકાલ માટે સમીક્ષા બેઠક યોજાઈ




સુરતઃ સુરત તથા દક્ષિણ ગુજરાતમાં તાજેતરમાં આવેલા પૂરથી અસરગ્રસ્ત વીમાધારકોના વીમા દાવાઓનો ઝડપી નિકાલ થાય તે માટે તા.29મી જુલાઈના રોજ ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીની પ્રાદેશિક કચેરી, સુરત ખાતે દાવાઓ અંગે મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કંપનીના મુખ્ય પ્રાદેશિક પ્રબંધક, પ્રાદેશિક પ્રબંધકો, સંબંધિત દાવા અધિકારીઓ, સર્વેયરો તેમજ વિવિધ કચેરીઓના ઈન્ચાર્જ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન પૂરગ્રસ્ત વીમાધારકોના દાવાઓની પ્રક્રિયાને વધુ ઝડપી બનાવી, વહેલામાં વહેલી તકે દાવોનું નિરાકરણ થાય તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સર્વેયરો દ્વારા કંપનીના પ્રબંધકોને ખાતરી આપવામાં આવી હતી કે પૂરગ્રસ્ત દાવાઓના સરવે અને આકારણીના અહેવાલો મહત્તમ ઝડપથી રજૂ કરવામાં આવશે.

### પ્રેસિડન્સી સ્કૂલમાં અલૂણાં ઉત્સવની ઉજવણી



સુરતઃ ન્યૂ રાંદેર રોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલમાં અલુણા પર્વ નિમિત્તે ધોરણ 5થી 12ની વિદ્યાર્થીનીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત મટકી ડેકોરેશન અને કોડિયા ડેકોરેશન સ્પર્ધાઓ ધોરણવાર અલગ-અલગ વિભાગોમાં યોજાઈ હતી, જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં દરેક વિભાગમાંથી પ્રથમથી પાંચમા ક્રમના વિજેતાઓ ઉપરાંત પાંચ આશ્વાસન ઇનામો પણ જાહેર કરવામાં આવ્યા હતા. ટ્રસ્ટી પ્રાધ્યાપક એન.એમ. કારિયા, ટ્રસ્ટી હિતેન્દ્રભાઈ ચુડાવાળા તથા આચાર્યા દીપિકા શુક્લાએ વિજેતાઓને અભિનંદન પાઠવી તેમના ઉત્સાહની સરાહના કરી હતી.